અનુસુચિત જાતિ અને અનુસુચિત જન જાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ ૧૯૮૯ ના અસરકારક અમલ માટે એબેયન્સમાંથી જગ્યાઓ મુક્ત કરવા અંગે.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
**ઠરાવ ક્રમાંક: ટીએપી-૨૦૦૧/૪૯૧/ચ**
સચિવાલય, ગાંધીનગર.
તા.૩/૫/૨૦૧૪.

વંચાણે લીધા:                3 MAY 2014

(૧) આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૩/૧/૧૪ ના ઠરાવ ક્રમાંક: ટીએપી/૨૦૦૧/૪૯૧/ચ

(૨) કમિશ્નરશ્રી(આદિજાતિ વિકાસ) ના તા.૨૦/૩/૧૪ ના પત્ર ક્રમાંક: ટીડી-મકમ-૧.ફા.નં.૪૦-૨૦૧૪/૨૧૧૨.

ઠરાવ: -

આમુખ ક્રમાંક: (૧) માં જણાવેલા તા.૨૩/૧/૧૪ના ઠરાવ થી અનુસૂચિત જાતિ અનુસૂચિત જન જાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ ૧૯૮૯ ના અસરકારક અમલ માટે કમિશ્નરશ્રી (આદિજાતિ વિકાસ) હસ્તકની ૧ વર્ષથી વધુ પણ ત્રણ વર્ષ સુધીની એબેયન્સમાં મુકેલી ખાલી કુલ ૧૨ હંગામી જગ્યાઓ ને તા.૨૮/૨/૨૦૧૫ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી છે. આ જગ્યાઓને એબેયન્સમાંથી મુક્ત કરવાની બાબત વિભાગની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણા ના અંતે નીચે દર્શાવેલ હંગામી જગ્યાઓ ને એબેયન્સમાંથી મુક્ત કરી તેમના નામ સામે દર્શાવેલ પગાર ધોરણમાં તા.૨૮/૨/૨૦૧૫ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | એબેયન્સમાંથી મુક્ત કરેલ જગ્યાઓ | પગાર ધોરણ |
|---|---|---|---|---|
| ૧. | સમાજ કલ્યાણ નિરીક્ષક | ૩ | ૬ | ૫૦૦૦-૮૦૦૦ |
| ૨ | હેડ ક્લાર્ક | ૩ | ૨ | ૫૦૦૦-૮૦૦૦ |
| ૩. | સીનીયર ક્લાર્ક | ૩ | ૪ | ૪૦૦૦-૬૦૦૦ |

આ અંગેનો ખર્ચ "માંગણીનં.૯૬ ૨૨૨૫ અનુસુચિત જાતિઓ/અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ ,ગૌણ સદર આદિજાતિ પેટા યોજના પેટાસદર -બીસીકે ૨૦૫ નાગરિક એકમ હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાના રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં સલાહકારશ્રી (નાણાં વિભાગ) ની તા.૧૯-૪-૨૦૧૪ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રી ના હુકમથી અને તેમના નામે,

રવાના કર્યું
તારીખ 3 MAY 2014
કાપોર્ગ

(એસ. પી. જૈન)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

નકલ રવાના :-

માન.મંત્રીશ્રી(આ.વિ)ના અંગત સચિવશ્રી
માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી(આદિજાતિ વિકાસ) અંગત સચિવશ્રી
માન. સંયુકત સચિવશ્રી (આદિજાતિ વિકાસ)
માન સચિવશ્રી. (આદિજાતિ વિકાસ વિભાગ ) અંગત સચિવશ્રી
કમિશ્નરશ્રી. આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન,સેકટર-૧૦ એ. ગાંધીનગર.
સર્વે ઉપસચિવશ્રી ઓ, આદિજાતિ વિકાસ વિભાગ,
સર્વે તકેદારી અધિકારીશ્રીઓ
એકાઉન્ટન્ટ જનરલ શ્રી, રાજકોટ,અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ, ગાંધીનગર..
સિલેકટ ફાઇલ.
સચિવશ્રી નાણાં વિભાગ. સચિવાલય,ગાંધીનગર.
નાણાં સલાહકાર શ્રી ,આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
નાયબ સચિવશ્રી (કરકસર) નાણાં વિભાગ, સચિવાલય.ગાંધીનગર
વિભાગની 'ખ' શાખા તરફ જરુરી કાર્યવાહી સારૂ.
વિભાગની સર્વે શાખા, સચિવાલય,ગાંધીનગર